# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. **પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર પૂરજોશમાં.**
2. **પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઇરાન વચ્ચે વાટાઘાટો ચાલુ.**
3. **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે યુદ્ધવિરામથી પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ અને સુરક્ષાનો માર્ગ મોકળો થશે.**
4. **વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જાહેરાત કરી કે 345 ભારતીય માછીમારોને ઈરાનથી આર્મેનિયાથી ભારત સુરક્ષિત પહોંચાડ્યા.**
5. **ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં છેલ્લા દિવસે તમામ પક્ષોના ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા.**
6. **IPL ક્રિકેટમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ચિદમ્બરમ સ્ટેડિયમમાં મુકાબલો.**

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# EVE. WB-ELECTION CAMAPIGN

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. તમામ મુખ્ય પક્ષોના નેતાઓ જાહેર રેલીઓ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કટવા, જાંગીપુર અને કુષ્મંડીમાં ત્રણ જાહેર રેલીઓ યોજી હતી. તેમણે તૃણમૂલ કોંગ્રેસ પર ભ્રષ્ટાચાર અને કુશાસનનો આરોપ લગાવ્યો હતો અને જો ભાજપ સત્તામાં આવશે તો પારદર્શક વહીવટનું વચન આપ્યું હતું. શ્રી મોદીએ સમાન નાગરિક સંહિતા દ્વારા સમાન અધિકારોનું વચન પણ આપ્યું હતું.

(BYTE : PM WB)

ભાજપના અન્ય નેતા અને ગૃહમંત્રી અમિત શાહે બાંકુરામાં જાહેર રેલી યોજી હતી. તેમણે તૃણમૂલ કોંગ્રેસ સરકાર દ્વારા કેન્દ્રીય ભંડોળના દુરુપયોગની ટીકા કરી હતી. શ્રી શાહે આદિવાસી સમુદાયો માટે વાસ્તવિક વિકાસનું પણ વચન આપ્યું હતું.

દરમિયાન, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પશ્ચિમ મિદનાપુર અને ઝારગ્રામમાં જાહેર રેલીઓ યોજી હતી. તેમણે ભાજપ પર રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) અને ધાર્મિક ધ્રુવીકરણ દ્વારા બંગાળને વિભાજીત કરવાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો. તૃણમૂલ

કોંગ્રેસના મહાસચિવ અભિષેક બેનર્જીએ બીરભૂમમાં રેલીઓ અને પૂર્વ બર્દવાનમાં રોડ શોમાં ભાગ લીધો હતો.

જેમ જેમ મતદાનની તારીખ નજીક આવી રહી છે, તેમ તેમ રાજકીય પક્ષો વચ્ચે આરોપો અને પ્રતિ-આરોપોમાં વધારો થતાં રાજ્યમાં ચૂંટણી જંગ વધુ તીવ્ર બન્યો છે.

# TRIPURA-POLLING -TTAADC

ત્રિપુરા ટ્રાઇબલ એરિયાઝ ઓટોનોમસ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલ (TTAADC) ની ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે, જેમાં 28 બેઠકો માટે 1,257 મતદાન મથકો પર સવારે 7 થી સાંજે 4 વાગ્યા સુધી મતદાન યોજાશે.ચૂંટણીમાં કુલ 173 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, આ મતવિસ્તારમાં આશરે 10 લાખ મતદારો છે. મતગણતરી 17 એપ્રિલે થશે.

# ECI- DELEGATES VISIT

આસામ, કેરળ અને પુડુચેરીમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન 22 દેશોના પ્રતિનિધિઓએ ભારતની ચૂંટણી પ્રક્રિયાની પ્રશંસા કરી છે. ચૂંટણી પંચ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય ચૂંટણી મુલાકાતી કાર્યક્રમ-2026 હેઠળ 38 પ્રતિનિધિઓ ભારતની બે દિવસીય મુલાકાતે હતા.

પંચે એક નિવેદનમાં જણાવ્યું કે તમામ પ્રતિનિધિઓ સરળ અને ભારે મતદાનથી ખૂબ પ્રભાવિત થયા હતા. તેમણે ચૂંટણી વ્યવસ્થાપનની વ્યાપકતાને જોવાની તક આપવા બદલ ચૂંટણી પંચનો આભાર માન્યો અને પારદર્શિતા, સમાવેશીતા અને શ્રેષ્ઠતા પ્રત્યે પંચની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી.

# FUR. REV. DAY US IRAN TALK

પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઇરાન વચ્ચે વાટાઘાટો શરૂ થઈ ગઈ છે. ઇરાનની સરકારી સમાચાર એજન્સી IRNA એ પુષ્ટિ આપી છે કે દક્ષિણ લેબનોન પર ઇઝરાયલી હુમલાઓમાં ઘટાડો અને અન્ય પૂર્વશરતો પૂર્ણ થયા પછી અમેરિકા, ઇરાન અને પાકિસ્તાન સાથે ત્રિપક્ષીય વાટાઘાટો શરૂ થઈ છે. ઇરાનની અર્ધ-સત્તાવાર તસ્નીમ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે એજન્ડામાં મુખ્ય મુદ્દાઓમાં લેબનોનમાં યુદ્ધવિરામ લાગુ કરવાના પ્રયાસો, અમેરિકા દ્વારા રાખવામાં આવેલી ઇરાની સંપત્તિની મુક્તિ અને હોર્મુઝ સ્ટ્રેટ પર ચર્ચાનો સમાવેશ થાય છે.

દરમિયાન, ઇરાનના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ, મોહમ્મદ-રેઝા આરેફે ચેતવણી આપી છે કે જો વાટાઘાટો દરમિયાન અમેરિકા ઇઝરાયલના હિતોને પ્રાથમિકતા આપશે તો કોઈ કરાર થશે નહીં. આ વાટાઘાટો ત્યારે થઈ છે જ્યારે સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાકર કાલિબાફના નેતૃત્વમાં ઇરાની પ્રતિનિધિમંડળ અને ઉપરાષ્ટ્રપતિ જે ડી વાન્સના નેતૃત્વમાં એક યુએસ પ્રતિનિધિમંડળ પશ્ચિમ એશિયામાં શાંતિ લાવવા વાટાઘાટો માટે આજે ઇસ્લામાબાદ પહોંચ્યા હતા. સાંભળીએ એક અહેવાલ

**(BYTE –SARFEROZI)**

# GOYAL- SAUDI ARABIA

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તાજેતરમાં જાહેર કરાયેલ યુદ્ધવિરામ પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ અને સુરક્ષાનો માર્ગ મોકળો કરશે. શ્રી ગોયલે સાઉદી અરેબિયાના વાણિજ્ય મંત્રી માજિદ બિન અબ્દુલ્લા અલ કાસાબી સાથે વર્ચ્યુઅલ વાતચીત દરમિયાન આ વાત કહી. તેમણે વધતા વિક્ષેપો અને અસ્થિરતા છતાં પુરવઠા શ્રૃંખલાને સરળતાથી ચાલુ રાખવાના સાઉદી લોકોના દૃઢ નિશ્ચયની પ્રશંસા કરી.

શ્રી ગોયલે ચાલુ સંઘર્ષ દરમિયાન સાઉદી અરેબિયામાં થયેલા હુમલાઓની નિંદા કરી અને ભારતીય સમુદાયને સુરક્ષિત રાખવા માટેના સાઉદી અરેબિયાના પ્રયાસોની પ્રશંસા કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

--------------------------------------------------------------------------

# JAISHANKAR- FISHERMEN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જાહેરાત કરી છે કે 345 ભારતીય માછીમારો ઈરાનથી આર્મેનિયા થઈને સુરક્ષિત રીતે ભારત પહોંચી ગયા છે. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં ઈરાનથી ભારતીય માછીમારોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આર્મેનિયન સરકારની મદદ બદલ આભાર વ્યક્ત કર્યો.

# JAISHANKAR MAURITIUS

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા સંદેશ જણાવ્યું કે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની મોરેશિયસની બે દિવસની મુલાકાત દરમિયાન આરોગ્ય, પ્રદૂષણમુક્ત પરિવહન, ક્ષમતા નિર્માણ, શિક્ષણ અને માળખાગત સુવિધાઓ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે.

# STHANIK SAVRAJYA CHUTANI

ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ હોવાથી ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત અન્ય પક્ષોના ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. સવારના 10 વાગ્યાથી બપોરના 3 વાગ્યા સુધી ભારે ભીડ અને સમર્થકો વચ્ચે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેના કારણે રાજ્યની વિવિધ કચેરીઓમાં ઉમેદવારી પત્રો ભરવાનો ધમધમાટ જોવા મળ્યો હતો. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અન્ય પક્ષો સહિત કેટલાક અપક્ષ ઉમેદવારો ઢોલ નગરા સાથે રેલી કાઢી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ અંગે એક અહેવાલ

## (VOICE CAST : HINA MODI )

દરમિયાન ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના અગ્રણીઓએ આ ચુંટણીમાં પોત પોતાના પક્ષે વિજય મળશે. તેવો દાવો કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી 26 મી એપ્રિલે રાજ્યની 15 મહાનગરપાલિકાઓ, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લાપંચાયતો તથા 260 તાલુકાપંચાયતોની સામાન્ય ચૂંટણીઓ તેમજ 11 નગરપાલિકાઓની પ્રસંગોપાત  ખાલી પડેલી 13 બેઠકોની પેટા ચૂંટણી યોજાશે. ઉમેદવારીપત્રોની ચકાસણી 13 મી એપ્રિલે અને ઉમેદવારીપત્રો પરત ખેચવાની છેલ્લી તારીખ 15 મી એપ્રિલે છે. જ્યારે તમામ બેઠકોની મત

**ગણતરી 28 મી એપ્રિલે યોજાશે. હિના મોદી આકાશવાણી સમાચાર અમદાવાદ**

# MP-RAJNATH-UNNAT KRISHI MAHOTSAV

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાં ત્રણ દિવસીય એડવાન્સ્ડ એગ્રીકલ્ચર ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કર્યું. 13 એપ્રિલ સુધી ચાલનારા આ ફેસ્ટિવલમાં ડ્રોન, સોલાર પંપ અને સૂક્ષ્મ સિંચાઈ જેવી આધુનિક ટેકનોલોજીઓ પ્રદર્શિત કરવામાં આવશે.

નિષ્ણાતો ખેડૂતો સાથે સીધી વાતચીત કરશે અને કૃષિમાં AI ના ઉપયોગ અંગે ચર્ચા કરશે. આ ફેસ્ટિવલમાં 300 થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે. દેશભરના ઘણા કૃષિ વૈજ્ઞાનિકો ભાગ લઈ રહ્યા છે.

# Badminton Asia Championships

આયુષ શેટ્ટી બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચી ગયા છે. આયુષે સેમિફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કુનલાવુત વિતિદસાર્નને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

આયુષનો સામનો ચાઇનીઝ તાઇપેઈના ચૌ ટિએન-ચેન અને ચીનના શી યુ ક્વિ વચ્ચેના બીજા સેમિફાઇનલના વિજેતા સાથે થશે.

# IPL

IPL ક્રિકેટમાં, ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સ  અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ રહેલી છે . દિલ્હી કેપિટલ્સએ ટોસ જીતી ને ફિલ્ડિંગ પસંદ કરી છે . છેલ્લા મળતા અહેવાલ મુજબ ચેન્નાઈ સુપર કિંગ્સએ 4 ઓવર માં 0 વિકેટે 40 રન કર્યા છે.

# NIGERIA CONVICTS MILITANTS

નાઇજીરીયાની રાજધાની અબુજામાં 386 ઇસ્લામિક ઉગ્રવાદીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. નાઇજીરીયાના એટર્ની જનરલ લતીફ ફાગવેમીએ જણાવ્યું કે ફેડરલ હાઇકોર્ટમાં 500 થી વધુ કેસોની સુનાવણી કરવામાં આવી હતી. આ કેસોમાં 386 શંકાસ્પદોને દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

112 કેસ આગામી તબક્કા માટે મુલતવી રાખવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ટ્રાયલનો આગામી તબક્કો મે મહિનાના અંતમાં શરૂ થવાની અપેક્ષા છે.

# DJIBOUTI - PRESIDENT

આફ્રિકન રાષ્ટ્ર જીબુતીમા યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઇસ્માઇલ ઓમર ગુએલેહ છઠ્ઠી વખત જીબુતીના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાયા, તેમણે 97 ટકાથી વધુ મત મેળવ્યા. શ્રી ગુએલેહે ભૂતપૂર્વ શાસક પક્ષના સભ્ય મોહમ્મદ ફરાહ સમતારને હરાવ્યા.

તેઓ પહેલી વાર 1999 માં સત્તામાં આવ્યા અને બે દાયકાથી વધુ સમયથી શાસન કર્યું છે. લાલ સમુદ્ર અને એડનના અખાતને જોડતા મહત્વપૂર્ણ વૈશ્વિક દરિયાઈ માર્ગ પર સ્થિત હોવાથી, જીબુતી ખૂબ જ વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે.